**પ્રાઈવેટ ડિટેક્ટીવનો અજય વર્મા અને રાધિકા ચેટરજી ખુલ્લા મથાળાની કાર વાટે સાબરમતી જેલ તરફ એક કેસના મામલામાં જઈ રહ્યાં હતાં. અચાનક સામેથી ધસમસતી આવતી એક કારમાંથી એક બૂટ ઉછળ્યું અને એમની કારમાં પડ્યું. બૂટને તળિયે સફેદા વડે એક આંકડો લખેલો હતો : 975!**

# આવા નાના માણસનું જેલમાંથી છૂટતાં જ અપહરણ કોણ કરે?

'શેક્સપિઅર કૃત 'રિચાર્ડ ધી થર્ડ'... 'ત્રીજો રિચાર્ડ' નાટકમાં રાજા રિચાર્ડને યુદ્ધમોરચે જવાનો પ્રસંગ આવે છે. દૂર યુદ્ધ મેદાનમાં યુદ્ધ ચાલુ થઇ ગયુ છે. રાજા સ્વયં પોતાની સેનાની આગેવાની લઈને લડે તો જીત છે. નહિતર નધણિયાતું લશ્કર હારી જાય અને રાજા રાજ્ય ગુમાવી બેસે. આવા સંજોગને કારણે રિચાર્ડ પોતાના ઘોડાને દપટાવી રહ્યો છે. અચાનક ઘોડો લથડે છે. એની ખરીએ જડેલી નાળની ખીલી ઊડી પડે છે. આને કારણે ઘોડાને ચાલતાં દર્દ થાય છે. એની ચાલ ખોડંગાય છે. ઊખડી ગયેલી નાળ હંમેશા ઘોડાની ચાલ ભાંગી નાખે છે. ઊખડેલી નાળ જલદી પાછી જડી દેવી જોઈએ. પણ અહીં જંગલમાં ખીલી ક્યાંથી મળે? પેલી ખીલી તો ક્યાંની ક્યાંય ઊડી ગઈ હશે. એક ખીલી ન મળે એટલે નાળ ન જડાય, એટલે ઘોડો ઝડપથી ન દોડે, એટલે રિચાર્ડ યુદ્ધ ક્ષેત્રે ન પહોંચે, એટલે એનું રાજ જાય! આથી શેક્સપિઅરે રિચાર્ડના મુખમાં સંવાદ મૂક્યોઃ 'માય કિંગ્ડમ, માય કિંગ્ડમ! માય કિંગ્ડમ ફોર એ નેઇલ!' એટલે કે મારું રાજ, મારું રાજ! એક ખીલીને અભાવે જવા બેઠું છે મારું રાજ!' શેક્સપિઅરનાં નાટકોમાં આવા તો અનેક અનેક સૌન્દર્યસ્થાનો છે. અને એટલે જ એ વિશ્વના ઉત્તમ નાટ્યકારોમાં ગણના પામ્યો છે...'




અંગ્રેજી સાહિત્યની સ્કોલર રાધિકા આ વાત કરતી જતી હતી અને ડિટેક્ટીવ અજય વર્મા મધ્યમ ગતિએ કાર ચલાવી રહ્યો હતો. કાર નવી હતી. નવા પ્રકારની હતી. ફાસ્ટ હતી. રેસમાં ઊતરવા માટે નહોતી, પણ રેસિંગ ટાઈપ હતી. એટલે કે મથાળેથી ખુલ્લી હતી. સમી સાંજનો વખત હતો. ફેબ્રુઆરીનો મહિનો હતો. સાંજ શીતળ હતી, પણ ઠંડી નહોતી.

**એ છૂટ્યો ત્યારે એને લેવા કોઇ આવ્યું નહોતું. પણ એ આપણા ગેટ અંદરનો ચોક વટાવીને બહારને ઝાંપે પહોંચ્યો ત્યાં જ એક મોટી કાળી મોટરગાડી આવીને એની બાજુએ ઊભી રહી ગઇ એમાંથી બે બુકાનીધારી માણસો ઊતર્યા અને એમણે પેલા માણસને ગાડીમાં ધકેલી દીધો**

ઠંડો મઝાનો વાયરો રાધિકાની બેએક છૂટી લટોને ઉડાડતો રમાડતો હતો. કર્નલ વર્માએ ગયે મહિને ડિટેક્ટીવ દીકરાને નવી કાર લઈ આપી હતી અને દીકરો પાર્ટનર ડિટેક્ટીવ રાધિકાને લઈને હવા ખાવા નીકળી પડ્યો હતો.

એ લોકોને એક કામ પણ હતું. સાબરમતી સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડન્ટ અંકલેસરિયાને પણ મળવાનું હતું. એટલે દિલ્હી દરવાજા પાસે થઈને તેઓ શાહીબાગ તરફ વળ્યાં અને સુભાષ પુલ પર પહોંચ્યા. તેઓ પુલની અધવચ્ચે પહોંચ્યાં હશે ત્યાં જ અચાનક એક અજાયબ ઘટના બની. સામેની દિશામાંથી એક મોટી કાળી મોટરગાડી ધસમસતી એમની સામે આવી. જાણે ટકરાવા માગતી હોય એમ ધસી આવી. અજયે પોતાની કારને એકદમ બાજુએ તારવી લેવી પડી. જોકે કાળી ગાડી પણ આંચકો ખાતી દૂર ચાલી ગઈ. પરંતુ અચાનક એની અંદરથી એક કાળો પદાર્થ ઊડીને કાર ભણી આવ્યો. અજયે મસ્તક નમાવી લીધું ન હોત તો એને કપાળે અથડાત. વાસ્તવમાં એ પદાર્થ કારની પાછળની સીટ પર જઈ પડ્યો.

## કેદી નં. 975-1

અજયે કારને બાજુમાં લઈને ઊભી રાખી દીધી. એ બબડ્યો, 'મારા બેટા દારૂ પીને ગાડી ચલાવતા લાગે છે! પણ એમની ગાડીમાંથી આ ઊડી આવ્યું શું?'

એણે અને રાધિકાએ એકી સાથે પાછળ જોયું. પાછલી સીટપર કાળો બૂટ પડયો હતો! જૂતું! પનોતી!

ભાગતી ગાડીમાંથી એક જૂતું પડ્યું કેવી રીતે ઊડે એ સમજવું અઘરું હતું. અજયે એ જૂતું હાથમાં લઈને ફેરવી ફેરવીને જોયું. કાળા રંગના ચામડાના મોટી એડીના બૂટની જોડનું એ એક નંગ હતું. વપરાયેલું હતું અને એને તળિયે સફેદા વડે પીંછીથી લખાયેલો એક આંકડો હતોઃ 975! જૂતાને તળિયે સફેદા વડે લખાયેલો આંકડો વાંચી શકાય તો એનો અર્થ તો એ જ ને કે હમણાં એ જૂતું વપરાયું નહોતું! પણ શા માટે?

'એટલું જ નહિ, એડી અને પંજાના ખાંચામાં કાદવ પણ ચોંટીને સુકાઇ ગયો છે,' રાધિકાએ ધ્યાન દોર્યું.

'મને તો આનો અર્થ એક જ લાગે છે, રાધિકા', અજયે કહ્યું. 'આ જૂતું કોઈ કેદીનું છે. કેદી જેલમાં પુરાય ત્યારે એનાં કપડાં, જૂતાં, ઘડિયાળ, નાણાં, મોબાઈલ... બધું જેલના કબાટમાં જમા કરાય છે. એ બધી સામગ્રી પર એના કેદી નંબર લખાય છે.'

'ઓહો! ત્યારે તો...'

'હા, રાધિકા! ત્યારે તો કદાચ આપણે જેને મળવા જઈ રહ્યાં છીએ તેની મુલાકાત નહિ થાય. એ જરૂર જેલમાંથી છૂટી ગયો છે, અને આ જૂતું એનું છે! જો કે...'

'જો કે એણે જૂતું ફેંક્યું કેમ, એ પ્રશ્ન હજુ ખડો છે, ખરું ને, અજયબાબુ?'

'સાચું. એ પ્રશ્ન ખડો જ છે.'

આટલી વાત કરતાં તેઓ સેન્ટ્રલ જેલને દરવાજે પહોંચી ગયાં અને અજયે કારને ત્યાં ખડી કરી દીધી. વર્ષોથી એમને ઓળખતા ગાર્ડે એમને બારી વાટે અંદર દાખલ કર્યા અને બંને જેલ સુપરિન્ટેન્ડન્ટ અંકલેસરિયાની ઓફિસમાં પહોંચી ગયાં. ત્યાં અંકલેસરિયાએ સમાચાર આપ્યા કે જે કેદીને છૂટવાની વેળા મળવા માટે તમે આવ્યાં છો એને છૂટવાને હજુ પંદર દિવસની વાર હતી, પણ હમણાં થોડી મિનિટો પહેલાં જ એક કમાલની વાત બની ગઈ.'

'કમાલની વાત એટલે કેવી વાત?' અજયે કુતૂહલ દાખવ્યું.

'અરે, હમણાં અમે એક કેદીને છોડ્યો. એ કેદીને મારામારી કરીને કોઈકને ઇજા કરવા બદલ અઢાર મહિનાની કેદની સજા થઇ હતી. એ છૂટ્યો ત્યારે એને લેવા કોઇ આવ્યું નહોતું. પણ એ આપણા ગેટ અંદરનો ચોક વટાવીને બહારને ઝાંપે પહોંચ્યો ત્યાં જ એક મોટી કાળી મોટરગાડી આવીને એની બાજુએ ઊભી રહી ગઇ એમાંથી બે બુકાનીધારી માણસો ઊતર્યા અને એમણે પેલા માણસને ગાડીમાં ધકેલી દીધો. પછી તરત એને લઈને ગાડી ભગાવી મૂકી.'

**રહસ્ય ચક્ર**
★ યશવંત મહેતા

'ઝાંપા પર પણ આપણે ગાર્ડ રાખીએ છીએ ને?'

'સાચી વાત. પણ આ ઘટના એટલી બધી ઝડપથી બની ગઇ કે ગાર્ડને સાવધ બનવાનીય તક ન મળી. અરે, પેલી ગાડીનો નંબર નોંધવાનાય એને હોશ ન રહ્યાં.'

'હં...' અજય ખાસ્સી વાર સુધી નિરાશામાં મસ્તક ધુણાવતો રહ્યો. પછી કશોક વિચાર સ્ફૂરતાં એને પૂછ્યું 'જે કેદીને તમે છોડ્યો એ શું કેદી નંબર નવસો પંચોતેર હતો? નાઇન સેવન ફાઇવ?'

અંકલેસરિયાની નવાઈનો પાર ન રહ્યો. ઘડીક ફાટી ડાગલીએ અજય સામે તાકી રહ્યા. પછી એમણે મોટું માથું ધુણાવ્યું. 'તદ્દન સાચું! કેદી નંબર નવસો પંચોતેર નામ ગણુ બાપટ. પણ... પણ એનો નંબર ક્યાંથી જાણો? ગણપત બાપટ...'

'અમારી કારમાં કેદી નંબર નવસો પંચોતેરનું જૂતું આવી પડ્યું છે.' અજયે કહ્યું અને પછી એક બૂટના આકસ્મિક આગમનની વાત જણાવી. 'એના પર નંબર લખ્યો છે તે તમારા જેલના સ્ટોર ખાતાએ લખ્યો હશે. આજે એ બૂટ એને છૂટતી વેળા મળ્યું હશે અને એ જ બૂટ અમારી કાર પર ફેંકાયું. તમે ગણુ વિશે વધારે શું કહી શકો એમ છો?'

'ગણુ એટલે ગણપતરાવ બાપટ સરકસનો માણસ છે. સાબરમતી નદીને કિનારે હવે તો મ્યુનિસિપાલિટીએ ત્રીસ વરસના ભાડા પટાથી ગ્રેટ ઈન્ટરનેશનલ સરકસને જમીન આપી છે, એ ખ્યાલ છે ને? ગણુ એમાં કામ કરે છે. જાંગલો છે જોકર! એ કોઇ અગત્યનો ખેલાડી નથી. પણ કોઇક બીજા ખેલાડી સાથે મારામારી કરી બેઠો અને કેદ થઇ બસ, એમને સાથી વધારે ખબર નથી.'

'ઓકે.'

'પણ મને એ નથી સમજાતું,' અંકલેસરિયાએ માથું પંપાળતાં કહ્યું, 'કે આવો નાનો માણસ જેલમાંથી છૂટે કે તરત કોઇ અપહરણ શા માટે કરે? અને એ માણસ સામેથી આવતી કાર પર બૂટ શા માટે ઉછાળે?'

'એ સવાલોના જવાબ અત્યારે તો મારી પાસે નથી, સુપર,' અજયે ખભા ઉલાળતાં કહ્યું, 'પણ મને એના જવાબો મેળવવાની તાલાવેલી છે જરૂર! કારણ કે કોઇ મારા પર જૂતાં ઉછાળે એ મને ગમતી વાત નથી.'

આટલા સંવાદ પછી અજય-રાધિકા જેલથી વિદાય થયાં.

**(વાચક મિત્રો! અજયની જેમ, આપણને કોઇને પણ આવી જૂતાં-ઉછાળ ન જ ગમે. પણ આ ઘટના જણવા ભેદી લાગે છે. આવતે અઠવાડિયે આગળ વાંચીશું. દરમિયાનમાં જોઇએ ગત રહસ્યકથાનો ઉકેલ.) •**

**રહસ્યકથા 'હસબંડ ખોવાયો!'નો ઉકેલ:**

'છે શું આ બધું?' એ પ્રશ્ન એકલી અનુપમાનો નહોતો. કેપ્ટન વિનાયક, મહેશ મહાજન, સ્ટુઅર્ડસ, એ સૌનો પણ એ જ પ્રશ્ન હતો. એટલે અજયે સમજૂતી આપીઃ 'અનુપમાબેન, બે એક દિવસ અગાઉ મુંબઇમાં તમારી મુલાકાત એક સમવયસ્ક રંગીલા સાથે થઇ ગઇ. એણે જોયું કે વિશાળ દુનિયામાં તમે એકલાં છો. એણે તમને લપટાવ્યાં. લગ્ન કર્યા. તમારી બચત ઉઠાવી લેવા તમને સમજાવ્યાં. પછી તમારા કુંવારા નામે એણે તમારી જહાજની ટિકિટ લીધી. તમારો સામાન એણે જહાજમાં મુકાવ્યો. પણ મહાજને એણે પેસેન્જર ન ગણ્યો, કારણ કે એ તો આ જહાજનો જ ફર્સ્ટ ઓફિસર હતો.' 'હેં????' સાંભળનાર સૌની રાડ ફાટી ગઇ. 'એણે જ કેબિનની નંબરની તકતી ફેરવી નાખી. એને જ વગર જોયે ખબર પડે કે કેબિનમાં લાઇટ સ્વીચ કયાં છે. પુસ્તકો કયાં છે. પરંતુ પછી હિલચાલ કરવી એને માટે હિતાવહ નહોતી. એણે કેપ્ટનને કહી દીધું કે મને મેલેરિયા છે! રાઘવને શોધવા આપણે આખા જહાજમાં ફરીએ, ફર્સ્ટ ઓફિસરની કેબિનમાંય જઇએ, પણ આપણને ક્યાંથી ખબર પડે કે ફર્સ્ટ ઓફિસર કેદાર જાધવ એ જ રાઘવ બેન્દ્રે છે! પરંતુ આવી બનાવટ લાંબો સમય ચાલી ન શકે, એટલે એણે અનુપમાબેનને દરિયે ગબડાવી પાડવાનું કાવતરું ગોઠવી રાખેલું. પણ એ ભૂલી ગયો કે અનુપમાબેનની ઘડમાથા વગરની વાતો સાંભળીને આપણે એમની હિલચાલ પર નજર રાખતા બેસીશું.'